મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ઉજવાયું આઝાદીનું અમૃત પર્વ

## શાળા-કોલેજ અને સંસ્થાઓમાં ૭૫મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

●●●

**સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર**




સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ચિલોડામાં ૧૫ ઓગસ્ટ નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી.

●●●

**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-આરએસએસ**



આરએસએસના સ્વયંસેવકો દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચિંતનભાઈ ઉપાધ્યાય (ગુજરાત પ્રાંત પ્રચારક પ્રમુખ)ના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ કાર્યક્રમ સંઘ કાર્યાલય ખાતે યોજાયો હતો.

●●●

**આરાધના વિદ્યાવિહાર**

શાળામાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનને અનુસરીને ઉત્સાહપૂર્વક આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગંભીરભાઈ મકવાણા (ગોપી હોસ્ટેલના સંચાલક)ના વરદહસ્તે ધ્વજવંદન કરાયું હતું. આશાષિભાઈ પટેલ(શાળાના ટ્રસ્ટી)એ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ગણપતભાઈ (યુવા હોસ્ટેલના સંચાલક) તથા મિલીસીંઘ મેડમ (અંગ્રેજી માધ્યમના ડાયરેક્ટર) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિષ્ણુભાઈ પટેલ (માધ્યમિક વિભાગના આચાર્ય)એ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. રમીલાબેન જાદવે (શિક્ષિકા) દેશભકિત ગીત રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ પટેલ દ્વારા થયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, નાગરિકો, શિક્ષકો, સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. રમણભાઈ એ. પટેલ (સંસ્થાના ચેરમેન)એ સર્વેને શુભેચ્છા પાઠવી હતી.

●●●

**રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી**



રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા જગન્નાથ મંદિર, અડાલજ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઈ હતી. જેમાં મહેમાનોની હાજરીમાં ધ્વજવંદન અને રાષ્ટ્રીય સૂત્રોના ગર્જનાદ ગૂંજયા હતા. આ પ્રસંગે એસ.કે. નંદા (રોટરી કલબના પૂર્વ પ્રમુખ) એ અનવેકવિધ ઉદાહરણો થકી યુવાનોને જાગૃત થવા હાકલ કરી હતી. અમીબેન શાહ (રોટરી કલબ ઓફ કેપિટલ, પ્રમુખ) એ રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાની તાકાતનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત યુવાનોએ અને રોટરીયન સદસ્યોએ રાષ્ટ્રને સમર્પિત ગીતો રજૂ કર્યા હતા. આ પ્રસંગે પાર્થ ઠક્કર (રોટરી કલબ ઓફ કેપિટલ, સેક્રેટરી), જગતભાઈ કારાણી, રોટેરીયન), અરવિંદ રાણા, મનોજભાઈ અરૈયા, યશવંત જોશી, ઈલાબેન વોરા, ગૌરાંગભાઈ રાવલ, અશ્વિનભાઈ શર્મા, ડૉ. બાબુભાઈ પરમાર, વી.એમ. પટેલ, જયશ્રી ખેતિયા, કિંજલ ત્રિવેદી, હાર્દિક પ્રજાપતિ, ચેતના જાદવ, ઉરેન પટેલ સહિત જગન્નાથ કલ્ચરલ એકેડેમી એન્ડ રીસર્ચ સેન્ટરના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**કામધેનુ યુનિવર્સિટી**



કામધેનુ યુનિવર્સિટી કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ ખાતે સ્વતંત્રતા પર્વ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેલાવાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ પી.એચ.વાટલિયાએ પણ ઉદબોધન આપ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ઉત્સાહભેર સ્વતંત્રતા પર્વમાં ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ**



સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે મનિષભાઈ ટી. ખત્રી (આચાર્ય)એ ધ્વજવંદન કર્યું હતું તથા પ્રાસંગિક પ્રવચન આપી બાળકોને દેશભકિતથી રસબોળ કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાની બાળાઓ દ્વારા રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના સર્વે ટ્રસ્ટીઓ જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા પ્રકાશભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ**

પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સે-૨૧ જીમખાના, ઘ-૪ ગાર્ડન, સે-૨૪ રંગમંચ, સે-૭ ડિવાઈન યોગ સ્ટુડિયો, સે-૭ ભારત માતા મંદિર તથા કુડાસણ સહિત શહેરના



અનેક સ્થળે ચાલતા નિયમિત નિ:શુલ્ક યોગ વર્ગમાં સ્વાતંત્ર્ય દિનની ઉવજણી કરાઈ હતી. આ કાર્યક્રમના અંતમાં યોગી ભાઈ બહેનોએ સ્વાસ્થ્ય વર્ધક સુપ તથા મીઠાઈના પ્રસાદનો લાભ લીધો હતો.

●●●

**સરસ્વતી વિદ્યાલય**



સરસ્વતી વિદ્યાલય સે-૬/બીમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્યએ બાળકોને દેશભકિત ગીતો ગવડાવી આઝાદીનું મહત્વ સમજાવ્યું હતું. દેશની સ્વતંત્રતા માટે શહીદ થયેલ તમામ નાના મોટા પરાક્રમી વીર શહીદોને યાદ કર્યા હતા. તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ ધ્વજને સલામી આપી રાષ્ટ્રગાન કર્યું હતું.

●●●

**સિધ્ધાર્થ લો કોલેજ**

સિધ્ધાર્થ લો કોલેજ ખાતે ૧૫મી ઓગસ્ટની ઉત્સાહભેર ઉજવણી કરી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

●●●

**ડો. આંબેડકર ભવન**



સમાજ કલ્યાણ અધિકારી ગૌતમ પુરાણીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત નાયબ નિયામકો, પ્રવિણ શ્રીમાળી, વસંતભાઈ જાદવ, કાન્તિભાઈ પરમાર, દર્શન પુરાણી સહિત ડૉ. આંબેડકર ભવનનો સ્ટાફ તેમજ સિકયુરીટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**આઈઆઈટી**




આઈઆઈટી ગાંધીનગર ખાતે ભારતના ૭૫માં સ્વાતંત્ર દિનની ઉજવણીના ભાગરૂપે વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાયાં હતાં. આ પ્રસંગે સંસ્થા અને તેના વિદ્યાર્થીઓએ ભારતની આઝાદીના ૭૫ વર્ષોની આસપાસ આધારિત અનેક રસપ્રદ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. જેમાં સ્ટેમ્પ ડિઝાઈનિંગ સ્પર્ધા, સ્પોકન વર્ડ કોમ્પિટિશન, ફ્રીડમ ડે ક્વિઝ, શિર્શાસન ચેલેન્જ, એફઆઈટી ઈન્ડિયા ફ્રીડમ રન ૨.૦ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

●●●

**સોનીપુર પ્રાથમિક શાળા**



ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામની પ્રાથમિક શાળામાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની આનંદ અને હર્ષ ઉલ્લાસ દ્વારા શાળાનાના પ્રિન્સીપાલ મીનાબેન ભોપે તેમજ શાળાના શિક્ષકગણો, ગામના સરપંચ મંજુલાબેન ઠાકોર, શાળા વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષ નરેશજી ઠાકોર તેમજ સભ્યો તથા ગામના વડીલો ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓની મર્યાદિત ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.

●●●

**બીએસએફ ગુજરાત ફ્રન્ટિયર એકમ**




સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા ૭૫મો સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં અધિકારીઓ, ગૌણ અધિકારીઓ અને અન્ય પોર્સ્ટસની હાજરીમાં આઈજી જી.એસ.મલિકના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત સીમા રક્ષકો દ્વારા સરહદના મુખ્ય મથક, બોર્ડર સિક્યુરિટી ફોર્સ ગુજરાત અને તેના હેઠળના તમામ હેડક્વાર્ટર અને બોર્ડર પોસ્ટ્સ પર દળની સમૃદ્ધ પરંપરાઓ સાથે સ્વતંત્રતા દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો.

●●●

**ચેતક ફીટનેસ એકેડમી**

ચેતક ફીટનેસ એકેડમી સે-૨૨માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૫ થી ૧૭ વર્ષના બાળકોએ ભાગ લીધો



હતો. નાટક, પિરામીડ, સ્પીચ, ચિત્રકલા, કરાટે, ડાન્સ વગેરે કાર્યક્રમો દ્વારા બાળકોના જીવનમાં આત્મ વિશ્વાસ વધે તેવા ઉદ્દેશયથી આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

●●●

**સેકટર-૩૦ સરકારી પ્રાથમિક શાળા**



ગાંધીનગર જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય મહોત્સવની ઉજવણી પ્રસંગે સેકટર-૩૦ સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકા કુમુદગૌરી ત્રિવેદીને કાળમાં વિવિધ માધ્યમો થકી શિક્ષણને જીવંત રાખવા બદલ રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

●●●

**પ્રમુખ ગ્રુપ**



પ્રમુખ ગ્રુપ દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં ૫૦૦ લોકોના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪મી ઓગસ્ટના રોજ મહાપૂજા કરી હતી અને ૧૫મી ઓગસ્ટના રોજ અનોખી રીતે ધ્વજવંદન કરાયું હતું. ધ્વજને દસમા માળેથી ક્રેન દ્વારા ફરકાવવામાં આવ્યો હતો.

●●●

**સમર્પણ હોસ્ટેલ**



સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, સાંસ્કૃતિક કાર્યક્રમ કરી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી હતી. સમર્પણ હોસ્ટેલ કેમ્પસમાં રહેતા વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ મળી વૃક્ષારોપણ કરી સ્વચ્છ ભારત અભિયાનને ધ્યાને લઈ આજુબાજુના વિસ્તારમાં સફાઈ કરી લોકોનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી દેશકિત દાખવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિજયસિંહ ચાવડા, પ્રકાશભાઈ પટેલ, પ્રકાશભાઈ પંચોલી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કિરણસિંહ ઠાકોર, પિનકકુમાર લબાના અને સાથી મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

●●●

**અશ્વિનભાઈ એ. પટેલ કોલેજ**

વિદ્યાર્થીઓમાં દેશભકિતની ભાવના પ્રબળ બને તેમજ વિદ્યાર્થીઓ દેસભકિતના જુસ્સાને કળાના વિવિધ માધ્યમો દ્વારા રજૂ કરે એવા ઉમદા ઉદ્દેશયથી બે દિવસીય સ્વતંત્રતા પર્વની ઉજવણીનું આયોજન થયું હતું. તે સંદર્ભે વકતવ્ય, ગીત, પોસ્ટર મેકિંગ, કાવ્ય પઠનના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. સોનલ લેન્ડે (અધ્યાપક) અને દિવ્યા રાવલ દ્વારા ડૉ. વિજ્ઞા ઓઝા (આચાર્ય)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

●●●

**મહિલા પતંજલિ યોગ સમિતિ**



સે-૨૩માં યોગ કોચ ભાવનાબેન જોષી અને યોગ ટ્રેનર સોનલબેન પટેલના કલાસમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નેહાબેન ગુજરાત રાજય યજ્ઞ પ્રભારી હાજર રહ્યા હતા. ઉપરાંત યોગ કોચ ભાઈઓ, બહેનો, યોગ ટ્રેનર ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. યોગ-પ્રાણાયામ નિ:શુલ્ક શિખવા માટે ૮૨૦૦૦૮૧૬૦૪ નંબર પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

●●●

**અરવિંદ કેન્દ્રમાં ધ્યાન-પ્રાર્થના કાર્યક્રમ**



મહર્ષિ શ્રી અરવિંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે શ્રી અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે ધ્યાન, પ્રાર્થના, વાંચન વગેરે કાર્યક્રમ યોજાયો હતો.

●●●

**વાવોલ ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી**



વાવોલની બ્રીજ ઓર્કિડ સોસાયટીમાં ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ઉજવણી કરાઈ હતી. જેમાં વૃક્ષારોપણ, સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને સ્વાતંત્ર્યદિનની ઉજવણી સોસાયટીના સભ્યો દ્વારા કરવામાં આવી હતી.

●●●

**આઝાદીના અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે ધ્વજવંદન**




ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતના ઘર આંગણે પ્રતિવર્ષની જેમ આ વર્ષે એમની ગેરહાજરીમાં પણ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હાલમાં જ ભાલા ફેંકમાં ભારતના ખેલાડી નિરજ ચોપડાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો એ થીમ પર રંગોળી રિદ્ધિ થોરાત દ્વારા કરવામાં આવી હતી.

મહીસાગર જિલ્લાના નિવૃત્ત અધિક નિવાસી કલેકટર અને ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી શ્રી રમેશભાઈ ઠક્કરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. દેશભક્તિના આ પ્રસંગે સુરાંગન મ્યુઝિકલ ગ્રુપના ભરતભાઈ ઠાકર અને સાગર દેસાઈ દ્વારા ધમાકેદાર દેશભક્તિના ગીતો કરાઓકે પર પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં.

## જન્મદિને વધામણી



બીનાબા શંકરસિંહ રાણા



વંદના એચ ડોડિયા



લક્ષ્મી જોષી
લાયોનેસ ક્લબ



સેજલ બી જાદવ



વિવાન દેવાંગ ટાંક
મો. ૯૮૯૮૦ ૪૫૪૧૬



વિહાન દેવાંગ ટાંક
મો. ૯૮૯૮૦ ૯૧૫૩૪



જયેશ અંબાલાલ પરમાર



જયોતિબેન સંજયકુમાર પ્રજાપતિ
મો. ૯૯૭૯૨ ૦૨૭૪૭




ધ્રુવિન રાવલ
મો. ૮૩૨૦૮ ૬૨૫૪૭



હેનિલ તરૂણકુમાર પરમાર
મો. ૭૮૭૪૪ ૪૨૫૧૫



પરિધિ શ્રેયાંસ રાણા
મો. ૯૮૨૪૯ ૨૦૫૫૨



જિજ્ઞેશ પરમાર

## અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૧૭

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈ. અડાલજ ખાતે તા.૧૨ અને ૧૩ ઓગષ્ટના રોજ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયુ હતુ. જેમાં વિ. ઈરાઈમુદીન (હેડ. હેલ્થકેર, મુંબઈ), કાર્લોસ કારવાલહો લિડર-બાયો પ્રિન્ટિંગ ડિપાર્ટમેન્ટ, જર્મની), ડૉ. દિલિપ મેન્જેસ (ડિરેક્ટર ગોવા) અને ડૉ. રાગીન શાહ (પ્રિન્સિપાલ-અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી)એ પ્રવચન આપી વિદ્યાર્થીઓ અને પ્રધ્યાપકોને પ્રભાવિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઈ.પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન કરાયુ હતુ. જેના ૭૨ જેટલા પોસ્ટર સિલેક્ટ થયા હતા. આ કાર્યક્રમમાં ઉત્તિર્ણ વિદ્યાર્થીઓને કેસ પ્રાઈઝ આપી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રોગ્રામ અંતર્ગત હર્ષ લાથીયા દ્વારા ઓનલાઈન ૩-ડી પ્રિન્ટીગની ટ્રેઈનીંગ આપવામાં આવી હતી. આ પ્રોગ્રામનું સંચાલન ડૉ. નિશા પારીખ અને ડૉ. અદિતિ બારીયા દ્વારા કરાઈ હતી.

## વાસણીયા મહાદેવ મંદિર ખાતે શિવકથા

ગાંધીનગર, તા. ૧૭

શ્રાવણ માસનાં અતિ પાવન દિવસોમાં ૧૫ દિવસીય શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨૩ ઓગષ્ટ સોમવારથી તારીખ ૬ સપ્ટેમ્બર સોમવાર સુધી બપોરે ૩ થી ૬ કલાકે યોજાશે. શ્રી વૈજનાથ વાસણીયા મહાદેવ મંદિર ખાતે શિવ ઉપાસક ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં દ્રાદર્શ જયોતિલિંગ પ્રાગટ્ય, માતાજી પ્રાગટ્ય, શિવ-વિવાહ, ગણેશ-કાર્તિકેય પ્રાગટ્ય જેવા પ્રસંગો ધામધૂમથી ઉજવાશે. આ દિવસ શિવકથા શ્રવણ કરવા સૌ શિવભક્તોને સુંદર ધામ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે.

## આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ‘ફૂલન કે હિંડોરડે મેં’ હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ફળ-ફુલ આસોપાલવના હિંડોળા યોજાશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.** કાનાબાર હિતેષભાઈ ચુનીલાલ, ઉ.વ. ૫૫, રાયસણ
- **સ્વ.** પરમાર હિતેશભાઈ જગદીશભાઈ, ઉ.વ. ૩૪, મોટા ચિલોડા
- **સ્વ.** પરમાર જગતસિંહ ગગુભા, ઉ.વ. ૫૮, પેથાપુર
- **સ્વ.** કરવા ધુબલેશ્વર કમલોચન, ઉ.વ. ૫૦, રાંધેજા
- **સ્વ.** કાનાબાર ભાનુમતી નાગરદાસ, ઉ.વ. ૭૩, રાયસણ